## જન્મદિને વધામણી



**અશ્વિન કે વ્યાસ (કૂકર)**
પત્રકાર, અકિલા
પૂર્વ કોર્પોરેટર, મનપા
મો. ૯૮૨૫૦ ૩૯૦૪૯



**મોહિત કનુભાઈ પટેલ**
મો. ૭૦૪૮૨ ૯૫૩૮૬



**ઉત્સવ વિનોદકુમાર મકવાણા**
મો. ૯૪૦૮૨ ૭૧૩૪૩

# કલોલમાં આજે આંબેડકરી સમાજનો જન જાગરણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૩

કલોલમાં આંબેડકરી સમાજનો જન જાગરણ કાર્યક્રમ તા. ૧૪મી ઑક્ટોબરના રોજ સાંજે સાડા પાંચ વાગે ડૉ. આંબેડકર હોલ, કલ્યાણ બેન્કની સામે, કલોલ પૂર્વ ખાતે યોજવામાં આવ્યો છે.

જાતિવાદ, કોમવાદ નામે અંદરોઅંતર લડાવી સત્તા ભોગવી રહ્યાછે. તે સામે સમાજોને જાગૃત કરવા માટે આંબેડકરની વિચારધારા ધરાવનાર મહાનુભાવો પધારી રહ્યા છે. તેમને સાંભળવા એ અમૂલ્ય લ્હાવો છે.

હાઈકોર્ટના એડવોકેટ અને ટીવી ન્યૂઝ ડિબેટર રણવીર દેસાઈ, રાષ્ટ્રીય મૂળ નિવાસી મુસ્લિમ સંઘના પ્રભારી મુફતી મહંમદ હનીફ ઈબ્રાહીમ, ઈન્ડિયન મેડિકલ એસોસિએશન પ્રોફેશનલ એસોસિએશન, નવી દિલ્હીના ડૉ. જે જી પરમાર, હાઈકોર્ટના એડવોકેટ તથા આંબેડકર કારવાના પ્રમુખ રત્નાબેન વોરા તથા સામાજિક કાર્યકર પ્રવીણભાઈ એમ સુતરિયા આ કાર્યક્રમમાં વક્તા તરીકે ઉપસ્થિત રહેશે એમ આ અંગેની એક અખબારી યાદીમાં મનોજકુમાર સી પરમાર, જીવણલાલ એસ પરમાર અને ગિરીશકુમાર જી પંડ્યાએ જણાવ્યું છે.

# બીબીએ કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા ખેડાના ઔદ્યોગિક પ્લાન્ટની મુલાકાત




## ઉત્પાદનથી માંડી ડિસ્ટ્રીબ્યુશન પ્રોસેસની માહિતી મેળવી

ગાંધીનગર, તા. ૧૩

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ ઍડમિનીસ્ટ્રેશન ના ૭૦ વિદ્યાર્થીઓએ ખેડા હાઈવે પર આવેલ વિશાળ પ્લાન્ટ ની મુલાકાત લીધી હતી.

ફાઈનલ યરનાં વિદ્યાર્થીઓની આ ઔદ્યોગિક મુલાકાત અનેક રીતે મહત્વપૂર્ણ સાબિત થશે તેઓની આ પાંચમી જાણીતા ઉદ્યોગ ગૃહની મુલાકાત હતી તેમજ હજી એક વખત તેઓ આવતા સેમેસ્ટર માં ઔદ્યોગિક મુલાકાતે જશે. આમ મેનેજમેન્ટનાં અનેક પાસાઓ તેઓ ને કે ભણાવવા માં આવ્યા છે. તેનો ખ્યાલ તેઆએ ઉદ્યોગ ગૃહના સ્થળ ઉપર જઈને મેળવવાનો પ્રયત્ન કર્યો છે. તેમજ તમામ મુલાકાત બાદ તેનો રીપોર્ટ બનાવવા માટે પણ તેમને કંપનીની વેબસાઈટ તેમજ અન્ય ઉપલબ્ધ માહિતી સ્ત્રોત થી જાણકારી મેળવી સમગ્ર રીપોર્ટ તૈયાર કરવામાં આવશે. જેમાં તજજ્ઞ અધ્યાપક ગણ તેઓને મદદ કરશે.

પ્લાન્ટ ખાતે વિદ્યાર્થીઓને પ્લાન્ટ એક્ઝિક્યુટીવ શંકર એસ યાદવ દ્વારા તમામ પ્રોસેસને ઊંડાણ પૂર્વક સમજાવવામાં આવી તેમજ તેઓને મુલાકાતની મંજુરી આપી. તેમજ અહીં કેટલું ઉત્પાદન તેમજ તેનું ડીસ્ટ્રીબ્યુશન થાય છે. તેવા તમામ પાસાઓનું તલસ્પર્શી માર્ગદર્શન આપ્યું હતું.

વિદ્યાર્થીઓને ઓડિયો વિઝ્યુઅલ કોન્ફરન્સ હોલમાં એકઠા કરી ઉપયોગી તમામ માહિતી પૂરી પાડવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ મેળવેલ માહિતી અનુસાર દરેક મીનીટે ૬૦૦ બોટલ તૈયાર કરવામાં આવે છે. જેના પરથી એક દિવસ તેમજ એક વર્ષનાં ઉત્પાદનનો અંદાજ લગાવી શકાય છે. કંપની દ્વારા ગુણવત્તા બાબતે લેવામાં આવતા વિવિધ પગલાઓની માહિતી પણ વિદ્યાર્થીઓ ને આપવામાં આવી હતી જેમાં બોટલને ધોવામાં આવે ત્યારબાદ બીજી વખત કેમિકલથી સાફ કરવામાં આવે ત્યારબાદ પાણી નાખી ને સાફ કરવામાં આવે અને ત્યાર બાદ સાફ કરી તેમાં પ્રોડક્ટ નાખવામાં આવે. ત્યારબાદ ઉચ્ચ ગુણવત્તા વાળી કેરીઓ તેમજ નારંગી, મોસંબી જેવા ફળનો રસ ઉપયોગમાં લેવામાં આવે છે. અહીં સ્ટીલ પેકમાં પેકિંગ થાય છે. લિમ્કા,માઝા, મિનીટ મેડપલ્પી, ઓરેન્જ, મિનીટ મેડ, નીમ્બુ ફ્રેશ, તેમજ કોકા કોલા,, થમ્સઅપ, સ્પ્રાઈટ, ફેંટા, લિમ્કા, કિન્લે સોડા તથા જ્યુસમાં (સફરજન,દ્રાક્ષ, મોસંબી, મિક્સ ફ્રુટ) જેવા અનેક ફ્લેવરમાં જ્યુસ તૈયાર કરવામાં આવે છે.

સમગ્ર મુલાકાતનું સફળતાપૂર્વક આયોજન કોલેજ નાં આચાર્ય શ્રી ડો.રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટી નાં હેડ શ્રી ડો.જયેશ તન્ના તેમજ પ્રો.મેથ્યુ જોહન દ્વારા સંપન્ન કરવા આવ્યું હતું.

# રોટરી ક્બલ ઓફ કેપિટલનાં સહયોગથી યોજાયેલ જિલ્લા કક્ષાની વાડોકાઈ કરાટે સ્પર્ધામાં માઉન્ટ કાર્મેલ સ્કૂલની ટીમ વિજેતા બની





ગાંધીનગર, તા. ૧૩

ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડો એસોસીએશનની ગુજરાત બ્રાન્ચ દ્વારા રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં સહયોગથી જિલ્લા કક્ષાની વાડોકાઈ કરાટે સ્પર્ધાનું તાજેતરમાં સેન્ટ ઝેવિયર્સ સ્કુલ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૩૦ શાળાનાં ચુનંદા ૧૪૨ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ સ્પર્ધા દરમ્યાન રોટરી ક્બલનાં આસીસ્ટન્ટ ગવર્નર શ્રી સમીરભાઈ ત્રિવેદી, શાળાનાં આચાર્ય ફાધર હેક્ટર, ક્બલ પ્રમુખ અને વાડોકાઈ કરાટેનાં ગુજરાતનાં ટેક્નિકલ ડાયરેક્ટર શિહાન શ્રી અરવિંદભાઈ રાણા, ક્લબ સેક્રેટરી શ્રી અભેરાજ ચૌધરી, પૂર્વ પ્રમુખ શ્રી જગતભાઈ કારાણી, શ્રી યુવરાજસિંહ વાઘેલા, ક્લબ મેમ્બર શ્રી પ્રહલાદભાઈ પટેલ, કરાટે અકેડમીનાં ચીફ ઈન્સ્ટ્રક્ટર સેનસાઈ શ્રી ગૌરાંગભાઈ રાણા, અકેડમીનાં સહયોગી શ્રી હિતેશસિંહ રોર વગેરે મહાનુભાવોનાં વરદ હસ્તે સવારનાં પ્રથમ સત્રનાં વિજેતા ખેલાડીઓને બપોરે ૨-૩૦ કલાકે મેડલ્સ એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સ્પેનથી ગાંધીનગરનાં મહેમાન બનેલા સિસ્ટર્સના ગ્રૃપે પણ સ્પર્ધા નિહાળી વિજેતા ખેલાડીઓને મેડલ્સ એનાયત કર્યા હતા.

બીજા સત્રના ખેલાડીઓને સાંજે ૫-૦૦ કલાકે મેડલ્સ એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વાડોકાઈ કરાટે એસોસીએશનનાં સંરક્ષક અને ગુજરાત સરકારનાં પૂર્વ મંત્રી શ્રી રજનીકાન્તભાઈ રજવાડી અને રોટરીનાં પૂર્વ પ્રમુખ શ્રી યુવરાજસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યાં હતા. બીજા સત્રમાં વિજેતા ખેલાડીઓને મેડલ્સ એનાયત કર્યા બાદ સૌથી વધુ ગોલ્ડ મેડલ્સ મેળવનાર ટીમને ચેમ્પીયન ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. ૫ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૧૦ બ્રોન્ઝ મેડલ્સ મેળવી ગાંધીનગરના સેક્ટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ સ્કુલની ટીમ ચેમ્પીયન ટ્રોફી જીતી ગઈ હતી. જ્યારે રનર્સ અપ ટ્રોફી ૪ ગોલ્ડ, ૬ સિલ્વર અને ૮ બ્રોન્ઝ મેડલ્સ સાથે જીઆઈડીસી વિસ્તારમાં આવેલ હિલવુડ સ્કુલની ટીમે મેળવી હતી. આ સ્પર્ધામાં ડિવાઈન ચાઈલ્ડ સ્કુલની ટીમે પણ ૪ ગોલ્ડ મેળવ્યા હતા પરંતુ સિલ્વર મેડલ્સ માત્ર ત્રણ મેળતા ત્રીજા નંબરે રહી સંતોષ માનવો પડ્યો હતો.

સ્પર્ધાની આયોજન સમિતિના ચેરમેન તરીકે સેનસાઈ શ્રી ગૌરાંગભાઈ રાણા તથા સેક્રેટરી તરીકે સેનસાઈ શ્રી યોગેશ વિશ્વકર્માએ પ્રસંશનીય સેવાઓ પ્રદાન કરી હતી. કરાટે કોચ સેનસાઈ શ્રી જિગ્નેશ ત્રિવેદી, શ્રી દર્શન સુથાર, શ્રી સુરજ ત્રિપાઠી મદદનીશ કોચ શ્રી હનુ પરમાર, શ્રી કેતન ચૌધરી દ્વારા તૈયાર કરવામાં આવેલા ખેલાડીઓએ આ સ્પર્ધામાં ભાગ લઈ પોતાનું કૌવત દેખાડ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સિનિયર બ્લેક બેલ્ટ નિષ્ણાત સેનસાઈ શ્રી વિશાલભાઈ મિસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

સફળ વ્યક્તિના હોઠ પર
બે ચીજ હંમેશાં રહેતી હોય છે
મૌન અને સ્મિત.
મૌન સમસ્યાઓ ટાળવા માટે
અને
સ્મિત સમસ્યાઓ ઉકેલવા માટે

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
સાત ઉચક્કે
૧૨.૩૦, ૩.૪૫, ૧૦.૦૦
એમ એસ ધોની
૬.૩૦

**સ્ક્રીન-૩**
ઈન્ફર્નો (અંગ્રેજી)
૧.૦૦, ૭.૦૦
ઈન્ફર્નો (હિન્દી)
૪.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
મિસ ખિલાડી
સવારે ૧૦.૦૦
એમ એસ ધોની
૧૨.૪૫
મોટુ પાટલુ
૪.૧૫, ૯.૩૦
અન્ના
૬.૩૦

**સ્ક્રીન-૫**
અન્ના
૧૨.૩૦
સાથ ઉચક્કે
૬.૪૫
એમ એસ ધોની
૩.૧૫, ૯.૩૦

## ફેકલ્ટી ઑફ એજ્યુકેશન ખાતે ગરબા યોજાયા

ગાંધીનગર, તા. ૧૩

કડી સર્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઑફ એજ્યુકેશન, સૅક્ટર-૨૩ની બીએડ અને એમએડ કૉલેજમાં તાલીમાર્થીઓને ગુજરાતની સંસ્કૃતિનો ખ્યાલ સ્પષ્ટ થાય તે હેતુથી ગરબા તેમજ મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓએ ટ્રેડિશનલ ડ્રેસમાં ગરબાની રમઝટ બોલાવી હતી.

આ કાર્યક્રમ દરમ્યાન ફેકલ્ટી ઑફ એજ્યુકેશનના ડીન ડૉ. વીણાબેન પટેલ, કેમ્પસ ડિરેકટર ડૉ. સોમભાઈ પટેલ, કૉલેજના એચઓડી, અધ્યાપકો અનો બિનાશૈક્ષણિક સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.



જીસીઈઆરટી પ્રેરિત એસવીએસ માણસા તાલુકા કક્ષાનું વિજ્ઞાન-ગણિત પ્રદર્શન સંસ્કાર તીર્થ કન્યા વિનય મંદિર, આજોલ ખાતે યોજવામાં આવ્યું હતું.

આ પ્રદર્શનમાં માણસા તાલુકાની ૪૦ શાળાઓએ ભાગ લીધો હતો. વિજ્ઞાન ગણિત પ્રદર્શનમાં પાંચ વિભાગ રાખવામાં આવ્યો હતો, તેનો હેતુ 'રાષ્ટ્ર નિર્માણ માટે વિજ્ઞાન-ગણિત અને પ્રદર્શન' હતો.

સંસ્કાર તીર્થ શાળા દ્વારા વિભાગ-પમાં ખાદ્ય ઉત્પાદન અને સુરક્ષા માટે નવીનીકરણ વિભાગમાં 'ખોરાક પરીક્ષક'ની કૃતિ તૈયાર કરવામાં આવી હતી, જેનો હેતુ હતો 'ખોરાકને જંતુમુક્ત કરી લાંબા સમય સુધી સાચવવો'. આ કૃતિ માટે સંસ્થાને માણસા તાલુકામાં પ્રથમ ક્રમનું ઈનામ પ્રાપ્ત થયું હતું. આચાર્ય અંજનાબેન પટેલે આ સિદ્ધિ બદલ વિદ્યાર્થીનીઓ તથા વિજ્ઞાન શિક્ષક અર્ચનાબેનને શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# ઈન્ડિયન પોસ્ટલ સર્વિસીઝ : કાયાકલ્પ આવશ્યક




mmtrivedi007@gmail.com

માહિતી અને સંદેશા વ્યવહારની બાબતે ભારતની જે પોસ્ટલ સેવાઓ છે તેને આમ નાગરિક કદી ભૂલી શકે તેમ નથી પરંતુ આ ડિપાર્ટમેન્ટ અતિ વિસ્તૃત અને વિશાળ હોવા છતાં છેલ્લાં વીસ વર્ષમાં તેની મહત્તા ગુમાવી બેઠું છે. હાલમાં જ બધાએ મન ભરીને માતાજીના નવલા નોરતા માણ્યા, શક્તિની ભક્તિમાં જીવનના તણાવ અને દુખોને મા પાસે તન-મનથી મૂકી દીધાં અને માએ બધાના જીવનમાં ઉમંગથી શક્તિનો સંચાર કરાવ્યો ત્યારે જ મનોમન નવરાત્રી બાદ આવતા દિપાવલી અને નૂતન વર્ષ યાદ આવ્યા સાથે દિવાળી કાર્ડ પણ યાદ આવ્યાં ! પોસ્ટ ઓફિસોમાં દિપાવલી કાર્ડ લેવા માટે અલગ કાઉન્ટર્સ રાખવામાં આવતાં, લોકો બજારમાં પસંદગીના સુત્રો અને દશ્યોવાળા દિવાળી કાર્ડ લેવા ઉમટી પડતાં, અક્ષરપુરષોત્તમ સંસ્થા (બીએપીએસ) દ્વારા તો કાર્ડ અને ફોલ્ડર્સની એક વિશાળ શ્રેણી ઉપલબ્ધ થતી પરંતુ આ દશ્ય હવે ફરીથી જોવા મળતું નથી કે મળશે નહીં. આ વિશ્વમાં જ્યારથી ડિજીટલ ટેકનોલોજી અને ઈન્ટરનેટ આધારિત ઉપકરણો આવ્યાં ત્યારથી વિશ્વમાં આમુલ એક પરિવર્તન આવ્યું છે. અગાઉનાં વર્ષોમાં પોસ્ટ ઓફિસ એક અતિ મહત્ત્વની ઘટના સમાજ માટે સર્વત્ર હતી. નવ લાખથી વધુ પોસ્ટ ઓફિસો ભારતમાં કાર્યરત છે અને આ પોસ્ટ ઓફિસોની સેવાઓમાં જે અત્યંત ઉપયોગી સેવાઓ હતી તે જોઈએ તો પોસ્ટકાર્ડ, આંતરદેશિય કવર, મની ઓર્ડર, પાર્સલ, રેવન્યૂ ટિકીટ, નાની બચતના પત્રો, રિકરીંગ ખાતા, પોસ્ટલ વીમો વગેરે. હાલમાં પોસ્ટલ ખાતા પેસથી પત્રાચારના માધ્યમો છિનવાઈગયા છે. હવે પોસ્ટકાર્ડનો યુગ જ પુરો થઈ ગયો. કવર કે બીજા પત્રોને કુરિયર સેવામાં સ્થાન મળી ગયું છે, ઉપરાંત નાની બચતની સેવા ખૂબ જ મર્યાદિત થઈ ગઈ છે !




ભારતીય ગ્રામ જીવનના મહત્ત્વના જે સ્થાનકો છે જેને મંદિરની હરોળમાં મૂકી શકાય તેમાં પ્રાથમિક શાળા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પંચાયત કચેરી, પોસ્ટ ઓફિસ અને ગ્રામ કૃષિ સેવા સહકારી મંડળી - આ બધી જ સંસ્થાઓ લોકજીવનમાં વણાયેલી જોવા મળે છે. પેરેડાઈઝ શિફ્ટની અસરમાં પોસ્ટલ સેવાઓ હવે ભૂતકાળમાં દબાતી જ રહી છે. મોટાં શહેરોની પરા વિસ્તારની પોસ્ટ ઓફિસોની મુલાકાત કરીએ તો ખ્યાલ આવશે કે સ્થિતિ બહુ જ આપત્તિકારક છે ! મેનપાવર રહ્યો નથી તો કામ પણ છિનવાતું ગયું છે. લોકોની બચતવૃત્તિ જ મરણને શરણ થઈ છે અને અર્થતંત્રમાં બેન્કિંગ ફલકમાં પુષ્કળ સ્પર્ધા હોવાથી હવે પોસ્ટ વિભાગ પાસે નાની બચત સંલગ્ન કામ રહ્યું નથી. કુરિયર સેવા ભારતમાં ૧૯૮૨ પછી વિસ્તૃત થઈ એટલે પત્રો-કવર્સ-પાર્સલ પોસ્ટ ખાતા પાસેથી જતા રહ્યા. આપણા ગુજરાતના ખ્યાતનામ લેખક 'ધૂમકેતુ'ની એક વાર્તા વિશ્વભરમાં પ્રસિદ્ધિ પામી તેનું નામ હતું પોસ્ટ ઓફિસ ! આ વાર્તા આજે બહુધા લોકોનાં માનસમાં જીવંત છે. કેમ કે તેમાં સંવેદનાની વાત હતી અને મૂળ આધાર પોસ્ટ ઓફિસ હતી. પોસ્ટલ સેવા એ સમાજની મુખ્ય સેવા છે પરંતુ પરિવર્તનોથી સ્થિતિ કઢંગી થઈગઈ છે એટલે ૨૦૦૮-૦૯માં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાએ એક પ્રસ્તાવ મૂક્યો હતો કે બધી પોસ્ટ ઓફિસોને બેન્કના બીસી-બીએફ (બેન્કિંગ કોરસ્પોન્ડન્સ અને બેન્કિંગ ફેસિલિટેટર્સ) તરીકે માન્યતા મળે કે જેના દ્વારા ગામડાઓ સુધી સ્ટેટ બેન્ક તેની પ્રોડક્ટ્સ પહોંચતી કરી શકે પરંતુ આ એજન્ડા આગળ વધ્યો નહીં. મોરબીની એક કંપનીએ પોતાની ઉત્પાદિત ચીજોને વેચવા માટે પોસ્ટલ વિભાગ સાથે કરાર કરેલો એટલે એક સમયે પોસ્ટ ઓફિસોમાં અગરબત્તી, પાપડ, ટૂથપેસ્ટ વગેરે વેચવામાં આવ્યાં પરંતુ આ પ્રક્રિયા લાંબો સમય ચાલી નહીં. હવે તો કેન્દ્ર સરકારે જાહેર કર્યું છે તે મુજબ બધી જ પોસ્ટ ઓફિસોને બેન્કમાં તબદિલ-પરિવર્તિત કરવામાં આવશે એટલે હવે આ વિશાળ પોસ્ટલ નેટવર્કનો એક કાયાકલ્પ થવાની આશા બંધાઈ છે. ભારતીય રેલવે, ભારતીય સ્ટેટ બેન્ક અને પોસ્ટલ નેટવર્ક દેશનાં સાચાં ગૌરવ લેવાનાં તત્ત્વો પૈકી છે. પોસ્ટ ઓફિસોને જૂદું આઈટી પ્લેટફોર્મ આપી ને પછી તેને સીબીએસ કોર બેન્કિંગથી સંલગ્ન કરી દેશની મજબૂતાઈમાં વૃદ્ધિ કરવાના પ્રયાસો થશે તેવું માનવામાં આવી રહ્યું છે. બીજું, પોસ્ટલ વિભાગને બેન્કિંગમાં ફેરવવામાં આવે તો કાનૂનની દૃષ્ટિએ પણ જૂદું અમલીકરણ પણ કરવું પડે તેમ છે.

આજે જનધન જેવી બચત પ્રેરીત કરતી પ્રવૃત્તિને બળ આપવાના પ્રયાસો થઈ રહ્યા છે ત્યારે ગામડાઓમાંથી લો કૉસ્ટ ડિપોઝીટ્સનું એકત્રીકરણ કરવામાં કે સાહસિકોને ઋણ પૂરું પાડવામાં આ વિભાગ પોતાનું એક આગવું પ્રદાન આપી શકે તેવી સક્ષમતા છે. પરંતુ આ ખ્યાલને સરકારની પ્રબળ ઈચ્છાશક્તિના સહકારની આજના દિવસે ઝંખના છે. પોસ્ટ ઓફિસ હજી સમાજના દિલોદિમાગમાં જીવે છે. તેને ટકાવવાના પ્રયાસો એ રાષ્ટ્ર ઘડતરનો એજન્ડા જ ગણી શકાય.

'જ્યારથી લોકો બધા, વાદે ચડ્યા ઈ-મેલનાં,
જોવા મળતા પણ નથી, હસ્તાક્ષરો ફિમેલનાં !'
(ખલિલ ધનતેજવી)

# ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે કેરિયર વિષય કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા ખાતે માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભાવિ કેરિયરનો કાર્યક્રમ યોજાયો.

આ કાર્યક્રમમાં દરેક વિદ્યાર્થી ભણવાની સાથે કંઈ લક્ષ્ય નક્કી કરીને ભણતો હોય છે પરંતુ જ્યારે લક્ષ્ય વિશે પ્રશ્નો પૂછીએ તો જવાબ આપવા માટે મુંઝવણ અને મુશ્કેલી અનુભવતો હોય છે.

કેરિયર જોયેલું, જાણેલું, કીધેલું ન હોવું જોઈએ. પરંતુ જાતે વિચારીને નક્કી કરેલું કેરિયર હોવું જોઈએ. જેમાં પોતાનો એટીટ્યુડ વેલ્યુ, નોલેજ, ટેલેન્ટ અને રસ જરૂરી છે. વળી આપણે શૈક્ષણિક ગોલ એચીવ કરવા તમારા કેરિયરનું નેચર જાતે જ નક્કી કરવું પડશે એવી વાતો વિદ્યાર્થીઓ સમક્ષ સ્પષ્ટ કરવામાં આવી હતી. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ ખૂબ જ અસરકારક રીતે લાવવામાં આવ્યું હતું અને કેરિયરમાં આવતા 'શા માટે' જેવા પ્રશ્નોનો જવાબ સરળ રીતે વિદ્યાર્થીઓ મેળવી શકે એવો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# 'ટેક્સા-જી' દ્વારા શનિવારે ગાંધીનગરમાં ગરબાનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૩

'ટેક્સા-જી' દ્વારા આગામી શનિવારે ગાંધીનગર શહેરમાં ગરબાનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે.

સંસ્થાના ખજાનચી કેરવ દેસાઈએ આ અંગેની એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે 'ધી એક્સ ઝેવિયરાઈટ્સ એસોસિએશન, ગાંધીનગર' દ્વારા ગત વર્ષની માફક આ વર્ષે પણ તારીખ ૧૫ ઓક્ટોબર ને શનિવારના રોજ સાંજે ૬ કલાકે સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ, સેક્ટર-૮, ગાંધીનગર ખાતે રાસ-ગરબાનો કાર્યક્રમ 'રઢિયાળી રાત' આયોજિત કરવામાં આવ્યો છે.

સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલનાં વર્તમાન તથા પૂર્વ વિદ્યાર્થીઓને આ કાર્યક્રમમાં પધારવા સંસ્થાના પ્રમુખ સુકેતુ મહેતાએ અનુરોધ કર્યો છે, એમ તેમણે આ અખબારી યાદીમાં વધુમાં જણાવ્યું છે.